• **<u>ધો. ૯ અ, બ</u> : તા. ૨૦/૦૯/૨૫ / વિદ્યાર્થી ભાઇઓની સંખ્યાઃ ૩૦ શિક્ષકનું નામ : કૌશિકભાઇ મિસ્ત્રી, ભોપિનભાઇ વસાવા (કલાર્ક) / સ્થળનું નામ : ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ સંસ્થા, કૂકરવાડા**

સપના કરો સાકાર અંતર્ગત ધો. ૯ અ, બ ના કુલ ૧૪૬ જેટલા વિદ્યાર્થી ભાઇઓએ ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, કૂકરવાડાની મુલાકાત લીધી હતી. આ સંસ્થામાં હાલ ૫૦ જેટલા બાળકો રહે છે. અહી બાળકોના રોજના સમયપત્રકના આયોજન મુજબ તેમને ભોજન, મનોરંજન, રમત-ગમત અને અભ્યાસનું ધ્યાન રાખવામાં આવે છે.અહીના સુપ્રીટેન્ડન્ટ સાહેબ અને સંસ્થાના સહકાર્યકરો દ્વારા સંસ્થામાં રહેતા બાળકોની જરૂરિયાતનું ધ્યાન રાખવામાં આવે છે. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓને ત્યાંનાં બાળકોના રહેઠાણ કક્ષ, ભોજનાલય, અભ્યાસ ખંડ, કોમ્પ્યુટર અભ્યાસ માટેનો રૂમ મનોરંજનની વ્યવસ્થા, માંદગીની સારવાર માટેના કક્ષ બતાવવામાં આવ્યા. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને સંસ્થાના બાળકો પાસેથી શીખવા મળ્યું કે માતા-પિતા વિનાનું જીવન કેટલું મુશ્કેલ હોય છે. અહી બાળકોને રોજ દૂધ, ફળો અને સાત્વિક ભોજન આપવામાં આવે છે તથા ફાસ્ટ ફૂડ અને પેકેટ ફૂડથી દૂર રાખવામાં આવે છે.






• **<u>ધો. ૧૦ અ, બ</u> : તા. ૨૦/૦૯/૨૫ / વિદ્યાર્થીઓની સંખ્યાઃ ૧૨૦ / શિક્ષકનું નામ : કિરણભાઇ પટેલ, ચિમનભાઇ પરમાર, મયુરીકાબેન પટેલ / સ્થળ : કે. જે. ચોકસી લાયબ્રેરી**

ધો. ૧૦ અ, બ ના વિદ્યાર્થીઓ સપના કરો સાકાર અંતગર્ત જિલ્લા માહિતી કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, બાગાયતી વિભાગ અને કે. જે. ચોકસી લાઇબ્રેરીની મુલાકાત લીધી. આ મુલાકાત થકી સરકારી કચેરીઓમાં થતી કામગીરીની વિગતો મેળવી હતી. આ પ્રોજેક્ટ દ્વારા જીવન કૌશલ્યોનો વિકાસ થાય.વિદ્યાર્થીઓમાં વિવિધ સરકારી કચેરીઓમાં થતી કામગીરી અંગે જાગૃતિ આવે તથા વ્યવસાય માટેની સમજ પ્રગટે તેવા શુભ આશયથી વિદ્યાર્થીઓને જુદી જુદી કચેરીઓની મુલાકાત કરાવવામાં આવે છે.



• **<u>ધો. ૧૧ સાયન્સ</u> : તા. ૨૦/૯/૨૦૨૫ / વિદ્યાર્થીઓની સંખ્યાં : ૪૫ / શિક્ષકનું નામ : અલ્પેશભાઇ પટેલ, પરેશભાઇ પટેલ / સ્થળ : J & J પેકેજીંગ ઇન્ડસ્ટ્રી, ક્રિષ્ણા પ્લાસ્ટીક, કર્ણાવતી વોવન સેક ઇન્ડસ્ટ્રીઝ,ગુજરાત પ્લાસ્ટીક, રૈયાની ઇન્ડસ્ટ્રીઝ, એલ્કોપ કોન્ટુલ્સ પ્રા. લિ કંપની.**

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ કંપનીની મુલાકાત દ્વારા કંપનીમાં થતી વિવિધ પ્રકારની કામગીરીથી માહિતગાર થાય તેમજ તે સંદર્ભે તેમનામાં લાંબા ગાળાનું વિઝન બંધાય તેમજ દીર્ઘ દૃષ્ટિ વિકસે એ હેતુથી તારીખ : ૨૦/૦૯/૨૫ શનિવાર ના રોજ ભરૂચની GIDC માં આવેલ ઉપરોકત કંપનીઓની મુલાકાત લીધી હતી. કંપનીમાં થતી કામગીરીના નિદર્શન સાથે સમજણ બાદ વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી પણ કરી હતી.



